For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પાલિકાએ ઇજારેદારને ફટકાર્યો ૩ લાખનો દંડ, ડ્રાઇવર બરતરફ

# વડોદરામાં રોલર મશીનમાંથી ડીઝલ ચોરી કૌભાંડનો પર્દાફાશ

**એલસીબીની સરપ્રાઇઝ રેડમાં** કૌભાંડીઓ રંગેહાથ પકડાયા

**અગાઉ કચરાની** ગાડીના વાયરલ વીડિયો બાદ પાલિકાએ આકરું વલણ અપનાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. વોર્ડ નંબર ૪ની કચેરી ખાતેથી પાલિકાના રોલર મશીનમાંથી ડીઝલ ચોરી કરવાનું કૌભાંડ પ્રકાશમાં આવતા સમગ્ર વહીવટી તંત્રમાં ભારે ચકચાર મચી જવા પામી છે. ઝોન ૪ એલસીબી (LCB) ટીમે સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન રોલર મશીનમાંથી અસાઈન કરેલું ડીઝલ ચોરી કરતા ત્રણ ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ મામલે મહાનગરપાલિકાના વ્હીકલ પૂલ વિભાગ દ્વારા ત્વરિત અને આકરા પગલાં ભરીને કૌભાંડીઓ સામે દાખલો બેસાડતી કાર્યવાહી કરવામાં આવી છે.

મહાનગરપાલિકાના વ્હીકલ પૂલ મેનેજર જે.આર. ભાંભોરે આ ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને તુરંત જ કડક વલણ અપનાવ્યું હતું. તેઓએ ઘટનામાં સીધી રીતે સંડોવાયેલા ડ્રાઈવરને તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરી દીધો છે. આ ઉપરાંત, વહીવટી કામગીરીમાં બેદરકારી દાખવવા બદલ અને કોન્ટ્રાક્ટના નિયમોના ભંગ બદલ જવાબદાર અલ્ટ્રા મોર્ડનના ઈજારેદારને ૩ લાખનો ભારે આર્થિક દંડ ફટકારવામાં આવ્યો છે. તંત્રની આ સરપ્રાઈઝ કાર્યવાહીના કારણે પાલિકાના અન્ય વિભાગો અને કોન્ટ્રાક્ટરોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. પાલિકાની મિલકતો અને સંસાધનોનો દુરુપયોગ કરનારા તત્વો સામે મહાનગરપાલિકાએ આ વખતે કોઈ પણ જાતની મધ્યસ્થી કે વિલંબ વગર સીધા જ દંડાત્મક પગલાં લીધા છે. વ્હીકલ પૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે સરકારી નાણાં કે ઈંધણની ચોરી સાંખી લેવામાં આવશે નહીં. આગળ ના સમયમાં પણ તમામ ઝોનના વાહનો અને મશીનરી પર કડક દેખરેખ રાખવામાં આવશે, જેથી આવા કૌભાંડો પુનરાવર્તિત ન થાય. પાલિકાના આ આકરા એક્શનથી ગેરરીતિ આચરતા અસામાજિક તત્વો અને બેદરકાર ઈજારેદારોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે.



#### ચોરીનું નેટવર્ક કે બેદરકારી? પાલિકાના વાહનો બની રહ્યા છે ચોરોનો અડ્ડો!

વડોદરા મહાનગરપાલિકાના વાહનોમાંથી ઇંધણ ચોરીની ઘટનાઓ સતત સામે આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર ૨૦૨૬માં પણ વડોદરા મહાનગરપાલિકાની કચરાની ગાડીમાંથી શંકાસ્પદ રીતે ડીઝલ કાઢવામાં આવતું હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ વ્હીકલ પૂલ મેનેજરે સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટતા કરી હતી કે તપાસ પૂર્ણ થયા બાદ દોષિત જણાશે તો સંબંધિત ઇજારેદાર અને ડ્રાઇવર સામે કડકમાં કડક કાનૂની અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### રૂ.૪.૬૦ લાખનો મુદ્દામાલ કબજે

# રથયાત્રામાં ૪ મહિલાના દાગીના ચોરનાર બાવરીયા ગેંગના બે ઝબ્બે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભીડનો લાભ લઈ મહિલાઓના ગળામાંથી સોનાની ચેઈન અને મંગળસૂત્ર ઝૂંટવી લેતી આંતરરાજ્ય કુખ્યાત બાવરીયા ગેંગનો વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. રાજસ્થાનના અલવરથી એક મહિલા સહિત બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. તા.16 જુલાઈ 2026ના રોજ અષાઢી બીજ નિમિત્તે વડોદરામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજાઈ હતી. ગાંધીનગર ગૃહ નજીક રથયાત્રા પસાર થઈ રહી હતી ત્યારે ભીડનો લાભ લઈ એક મહિલાના ગળામાંથી રૂ.64 હજારનું સોનાનું મંગળસૂત્ર ઝૂંટવી લેવાયું હતું. આ અંગે રાવપુરા પોલીસ સ્ટેશનમાં મ ગુનો નોંધાયો હતો. મોંગીયા ગેંગના આરોપીઓ ઝડપાયા બાદ રથયાત્રામાં અન્ય ગેંગની સંડોવણીની શક્યતા અંગે ક્રાઈમ બ્રાન્ચે CCTV, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસમાં રાજસ્થાન-હરિયાણાની બાવરીયા ગેંગ શંકાસ્પદ જણાતા ટીમ અલવર પહોંચી હતી. ત્યાંથી જીતેન્દ્રસિંહ બહાદુરસિંહ અને આરતી W/O ધરમસિંહ બાવરીયાને ઝડપી લેવાયા હતા. પૂછપરછમાં બંનેએ ગેંગના અન્ય સાગરીતો સાથે સ્કોર્પિયો કારમાં વડોદરા આવી રથયાત્રાની ભીડમાં ચાર મહિલાઓના સોનાના દાગીના સ્નેચિંગની કબૂલાત કરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી ત્રણ સોનાની ચેઈન અને એક મંગળસૂત્ર રૂ.4.60 લાખ, તેમજ રૂ.10 હજારનો રેડમી મોબાઈલ ફોન કબજે કર્યો છે. આ કેસમાં ધરમસિંગ મલખાન બાવરીયા, બુગલા બાવરીયા, ક્રિષ્નાબેન, કોતરીબેન, મોટીબેન, શકુંતલા અને નેહાબેન સહિત સાત આરોપીઓ હજુ વોન્ટેડ છે.

### ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ ઉપર બદનક્ષીભર્યા વિડીયો અને લખાણ પોસ્ટ કર્યા હતાં

# પૂર્વ નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ અને પરિવારની બદનક્ષી કરનાર સામે વધુ એક ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

સિવિલ હોસ્પિટલનાં પૂર્વ નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ ઇકબાલ કડીવાલા સાથે અંગત વેરઝેર ઉપર ઉતરી આવેલાં આર.ટી. આઇ. એક્ટિવિસ્ટ સંજય ઇઝાવા વિરૂદ્ધ વધુ એક ગુનો નોંધાયો છે. આર.ટી.આઇ. એક્ટિવિસ્ટ તરીકે સંખ્યાબંધ અરજીઓ કરનાર સંજય ઇઝાવા વિરૂદ્ધ ઇકબાલ કડીવાલાએ સુરતમાં ગુનો નોંધાવ્યા બાદ હવે તેમનાં પુત્ર આદિલે પણ વડોદરા જિલ્લાનાં પાદરા પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે સંજય ઇઝાવા વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



ઇકબાલ કડીવાલા અને તેમના પરિવારની બદનક્ષી કરનાર સંજય ઇઝાવા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા નર્સિંગ કોલેજનાં આસિસ્ટન્ટ પ્રોફેસર આદિલ કડીવાલાએ જણાવ્યું હતું કે, તેમનાં પહેલા લગ્ન નિલોફર સાથે થયાં હતાં પરંતુ વર્ષ 2023માં વિવાદને પગલે કાયદેસરનાં છુટાછેડા થયાં હતાં. સુરતનાં અડાજણ-હજીરા રોડ ઉપર રેખાપાર્કમાં રહેતાં સંજય ઇઝાવાએ ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા દ્વારા બદનક્ષીભર્યા આક્ષેપો કર્યા છે. ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ ઉપર કાયદાકથા નામનું એકાઉન્ટ બનાવી તેની ઉપર તેમનાં વૈવાહિક - પ્રથમ લગ્નજીવન, પ્રથમ પત્ની સાથેનાં વિવાદની બાબત અદાલતમાં ન્યાયાધિન હોવા છતાં આ અંગેની બાબતોની દસ્તાવેજી ચકાસણી કર્યા વિના બદનક્ષીભર્યા વિડીયો અપલોડ કર્યા હતાં. આ વિડીયો સોશિયલ મીડિયા ઉપરથી દુર કરવા બાબતે વકિલ મારફતે સંજય ઇઝાવાને નોટિસ મોકલી હતી પરંતુ તેણે વિડીયો દુર કર્યા નથી તેમજ માફી માગી નથી. તેમની તેમજ તેમના પરિવારની બદનામી થાય માત્ર તેવા હેતુથી જ સોશિયલ મીડિયા ઉપર પુરાવા વિના વિડીયો ઇરાદાપૂર્વક સંજય ઇઝાવાએ અપલોડ કર્યા હોવાનું આદિલ કડીવાલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું.

આદિલ કડીવાલાએ જણાવ્યું હતું કે, પૂર્વ પત્નીને કાયદેસર ભરણપોષણની રકમ ચૂકવે છે, તેમનાં પારિવારિક કેસમાં હાઇકોર્ટમાંથી મનાઇહુકમ મળી ગયો છે. પરંતુ આર.ટી.આઇ. એક્ટિવિસ્ટનાં નામે કાયદો હાથમાં લઇને સોશિયલ મીડિયા ઉપર જ ન્યાય તોળી રહ્યો હોય તેમ સંજય ઇઝાવા અંગત વેરઝેર રાખીને કોઇપણ પ્રકારનાં પુરાવા વિના માત્ર દ્વેષભાવ રાખીને તેમનાં પરિવારની ઇરાદાપૂર્વક બદનક્ષી કરી રહ્યો હોવાથી પોલીસ ફરિયાદ નોંધાવવાની ફરજ પડી છે.

### વડોદરાથી ડભોઇ રોડ પરની હોટલમાં સ્વચ્છતા સામે સવાલો

# શ્રી ક્રિષ્ના કાઠિયાવાડી ઢાબાના ભોજનમાંથી મકોડો-વાળ મળ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ચાણોદ-કરનાળી જતા યાત્રાળુઓ માટેનું મુખ્ય સ્ટોપ ગણાતા વડોદરાથી ડભોઈ રોડ પર આવેલા શ્રી ક્રિષ્ના કાઠીયાવાડી ધાબાની ખાણીપીણીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. ધરવાસા ચોકડી નજીકના આ ધાબામાં પીરસવામાં આવેલા ભોજનમાંથી મકોડો અને વાળ નીકળતા ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. ફરિયાદ મુજબ ગ્રાહકે દાળમાં મકોડો અને પનીરના શાકમાં વાળ જોયા હતા. આ મામલે જ્યારે ધાબા સંચાલકને રજૂઆત કરવામાં આવી ત્યારે તેમનો જવાબ હતો બાય મિસ્ટેક થઈ ગયું. સ્થાનિકોનો આક્ષેપ છે કે રસોઈ બનાવવાની જગ્યાએ પણ ગંદકી જોવા મળી રહી છે. રેસ્ટોરન્ટ સંચાલકોની આ બેદરકારીને કારણે લોકોના આરોગ્ય સાથે ચેડા થઈ



રહ્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય યાત્રાધામો તરફ જતા સેંકડો યાત્રાળુઓ દરરોજ આ માર્ગ પરથી પસાર થાય છે અને અહીં ભોજન કરે છે. આવી સ્થિતિમાં ખોરાકની સ્વચ્છતા સામે ઉઠેલા સવાલોને પગલે તંત્રની કાર્યવાહીની માંગ ઉઠી છે. ગ્રાહકોએ આરોગ્ય વિભાગને તાત્કાલિક તપાસ કરી ધાબા સામે કડક પગલાં લેવા માંગ કરી છે.

### વડોદરામાં ગણેશ ઉત્સવનો ક્રેઝ: મૂર્તિકારો વ્યસ્ત, પંડાલોમાં ઢોલ-નગારા સાથે બાપાનું આગમન



■ સંસ્કારી નગરી વડોદરામાં આગામી ગણેશ ઉત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના ખૂણે-ખૂણે શ્રીજીની સ્થાપના માટે તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. એક તરફ વિવિધ કાર્યશાળાઓમાં મૂર્તિકારો બાપાની આકર્ષક અને મનોહર મૂર્તિઓને આખરી ઓપ આપવામાં રાત-દિવસ વ્યસ્ત છે, તો બીજી તરફ યુવક મંડળો દ્વારા મોટા પંડાલો તૈયાર કરવામાં આવી રહ્યા છે. શહેરમાં અત્યારથી જ ગણેશજીના આગમનની ધૂમ મચી છે. ઢોલ, શરણાઇ અને નગારાના તાલે ભક્તો "ગણપતિ બાપ્પા મોરિયા"ના નાદ સાથે વિઘ્નહર્તાને પોતાના મંડળોમાં પધરાવી રહ્યા છે.

### 26 ઓગસ્ટથી નિયમિત સેવા તરીકે શરૂ થશે

# પશ્ચિમ રેલવેએ બાંદ્રા ટર્મિનસ-જયપુર સ્પે. ટ્રેનને કરી નિયમિત

**હવે 19724/19723** બાંદ્રા ટર્મિનસ-જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે દોડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

મુસાફરોની સુવિધા અને બાંદ્રા ટર્મિનસ તથા જયપુર વચ્ચે નિયમિત રેલ સંપર્ક ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે પશ્ચિમ રેલવેએ ટ્રેન નંબર 09724/09723 બાંદ્રા ટર્મિનસ-જયપુર સ્પેશિયલને નિયમિત કરી છે. આ નિયમિત સેવા હવે સુધારેલા ટ્રેન નંબર 19724/19723 બાંદ્રા ટર્મિનસ-જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે સંચાલિત થશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેક દ્વારા જણાવ્યા અનુસાર ટ્રેન નંબર 19724 બાંદ્રા ટર્મિનસ-જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ દર ગુરુવારે બાંદ્રા ટર્મિનસથી સવારે 08.35 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 06.45 કલાકે જયપુર પહોંચશે. આ ટ્રેન 27 ઓગસ્ટથી નિયમિત સેવા તરીકે શરૂ થશે. આ પહેલા સ્પેશિયલ ટ્રેન 09.30 કલાકે ઉપડતી હતી. હવે તે 55 મિનિટ વહેલી એટલે કે 08.35 કલાકે ઉપડશે. ટ્રેન નંબર 19723 જયપુર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસ દર બુધવારે જયપુરથી સવારે 08.20 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 05.10 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન 26 ઓગસ્ટથી નિયમિત સેવા તરીકે શરૂ થશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, મંદસૌર, નીમચ, ચિત્તોડગઢ, ભીલવાડા, માંડલ, બિજયનગર, નસીરાબાદ, અજમેર અને કિશનગઢ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી 2-ટાયર, એસી 3-ટાયર, એસી 3-ટાયર ઈકોનોમી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે.

### વીજ ઓડિટનો નિર્દેશ,દોષિતો સામે કડક કાર્યવાહીની ચેતવણી

# ન્યુએરા સ્કૂલમાં DEO કચેરીનું સરપ્રાઈઝ ચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં આવેલી ન્યુએરા સ્કૂલમાં ખુલ્લા વાયરના કારણે કરંટ લાગવાથી વિદ્યાર્થી દેવ શાહનું મોત થયા બાદ શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે. ઘટનાની ગંભીરતાને પગલે જિલ્લા શિક્ષણ વિભાગની ટીમે સ્કૂલ કેમ્પસમાં અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીની ટીમ સાથે એમજીવીસીએલની ટેકનિકલ ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. ટીમ દ્વારા સ્કૂલમાં વીજ વાયરિંગ, અર્થિંગ, સ્વીચ-બોર્ડ અને વીજ સુરક્ષાના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી. શિક્ષણ વિભાગ આ મામલે એમજીવીસીએલને અધિકૃત પત્ર પાઠવીને તકનિકી રિપોર્ટ માંગશે. જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડેએ જણાવ્યું કે આ ઘટનામાં શાળા પ્રશાસનની કોઈ બેદરકારી છે કે કેમ તેની તટસ્થ તપાસ ચાલી રહી છે. શાળા સંચાલક દોષિત જણાશે તો 100% તેની સામે પગલાં લેવામાં આવશે. પોલીસને પણ દબાણ વગર ન્યાયિક તપાસ કરવા સૂચના આપી દેવામાં આવી છે, આ ઘટના બાદ સમગ્ર જિલ્લાની તમામ શાળાઓમાં ફાયર સેફ્ટી અને ઈલેક્ટ્રિક સેફ્ટીનું તાત્કાલિક ઓડિટ કરાવવાનો નિર્ણય લેવાયો છે. અગાઉ તા. 13-5, 30-5, 2-6, 25-6, 9-7 અને 5-8ના રોજ પરિપત્ર કરીને તમામ શાળાઓને ખુલ્લા વાયર રિપેર કરવા, અર્થિંગ ચેક કરાવવા અને આઈએસઆઈ માર્કવાળા એમસીબી લગાવવા સૂચના આપવામાં આવી હતી. છતાં બેદરકારી જોવા મળશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. આ મામલાની જાણ સીબીએસઈને પણ કરવામાં આવશે. પ્રશાસને મૃતક વિદ્યાર્થીના પરિવારને ન્યાય મળે તે માટે તમામ કાનૂની અને પ્રોટોકોલ મુજબના પગલાં ભરવાની ખાતરી આપી છે. બીજી તરફ, વિદ્યાર્થીના મોત બાદ શાળા સંચાલકો જાગ્યા હતા અને તાત્કાલિક વાયરમેન બોલાવીને સમારકામ શરૂ કરાવી દીધું હતું. નોંધનીય છે કે શહેરની શાળાઓમાં અગાઉ પણ નાની-મોટી સલામતીની ઘટનાઓ બની ચૂકી છે, પરંતુ આજદિન સુધી શાળા સંચાલકો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. ફરી એકવાર સ્કૂલની બેદરકારીથી માસૂમ જીવ ગયા બાદ ડીઈઓ કચેરી માત્ર ચેકિંગ કરીને સંતોષ માની રહી છે તેવી ચર્ચા પણ શૈક્ષણિક વર્તુળોમાં ચાલી રહી છે.



#### આકરા પગલાં લેવા મ્યુ.કમિશ્નરને રજૂઆત

આ ગંભીર ઘટના બાદ શાળા સંચાલકોની ઘોર બેદરકારી સામે આકરા પગલાં ભરવાની માગ સાથે કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા સહિતના આગેવાનો દ્વારા મ્યુ. કમિશનરને વેદનાસભર આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

#### ફૂટબોલ લેવા માટે જતાં કરંટ લાગ્યો હતો

ડીસીપી ઝોન-1 જગદીશ ચાવડાએ જણાવ્યું હતું કે, 18 ઓગસ્ટના રોજ ફૂટબોલ મેચ યોજાવાની હોવાથી ન્યૂ એરા સ્કૂલના વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ માટે બોલાવવામાં આવ્યા હતા. જોકે, વરસાદી માહોલને કારણે માત્ર 10 વિદ્યાર્થીઓ જ પ્રેક્ટિસ માટે આવ્યા હતા. પ્રેક્ટિસ દરમિયાન એક વિદ્યાર્થી ફૂટબોલ લેવા માટે જતાં તેને અચાનક કરંટ લાગ્યો હતો.

### નિઝામપુરાના અશોકપાર્ક એપાર્ટમેન્ટની ઘટના

# નિઝામપુરામાં અજાણ્યો પદાર્થ પી લેતા યુવતી સારવાર હેઠળ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭

શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલી અશોકપાર્ક સોસાયટીમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ૩૦ વર્ષીય યુવતી સૃષ્ટિબેન યોગેશભાઈ પાટીલે અજાણ્યો પદાર્થ પી લેતા તેમને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સદનસીબે, સમયસર સારવાર મળી જવાથી યુવતી હાલ ભાનમાં છે અને ખતરાથી મુક્ત હોવાનું જાણવા મળે છે. આ ઘટના અંગે સ્થાનિક પોલીસે યુવતિનુ નિવેદન લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. યુવતિના નિવેદન બાદ જ સમગ્ર ઘટના પરથી પડદો ઊંચકાશે.

ફતેગંજ વિસ્તારમાં આવેલા આધ્યા પાર્ક કુટીરમાં રહેતા સૃષ્ટિ યોગેશ પાટીલ, ઉંમર વર્ષ ૩૦, ગતરોજ નિઝામપુરા વિસ્તારમાં આવેલા અશોકપાર્ક એપાર્ટમેન્ટના મકાન નંબર ૨૦૭ ખાતે ગયા હતા. જ્યાં તેમને કોઈ અગમ્ય કારણોસર અથવા અજાણતા આ મકાનમાં કોઈ ઝેરી કે અજાણ્યો પદાર્થ ગટગટાવી લીધો હતો. પદાર્થ પીધા બાદ તેમની તબિયત અચાનક લથડી જતાં આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. યુવતીને સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં તેની તબીબો દ્વારા ઘનિષ્ઠ સારવાર ચાલી રહી છે અને તે સંપૂર્ણપણે ભાનમાં છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પણ સયાજી હોસ્પિટલ ખાતે દોડી આવી હતી. યુવતીએ કયા સંજોગોમાં અને શા માટે આ અજાણ્યો પદાર્થ પીધો છે ? તે અંગેનું સાચું કારણ હજુ સુધી અકબંધ છે.

**અપીલ** બાકી ચલણ નહી ભરો તો લાઇસન્સ-આરસી સંબંધિત સેવાઓ બંધ:નાગરિકોએ ઈ-ચલણની સ્થિતિ ચેક કરી સમયસર કાર્યવાહી કરવા પોલીસની અપીલ

# ગુજરાતમાં નેકસ્ટ જનરેશન ઈ-ચલણ સિસ્ટમ શરૂ

**ઇ-ચલણની નવી** સમયમર્યાદા અમલમાં મુકાઇ, ચલણ જારી થયાની તારીખથી 45 દિવસની અંદર વાહન દંડ ભરવો પડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

ગુજરાતમાં 12 ઓગસ્ટથી નેકસ્ટ જનરેશન ઈ-ચલણ સિસ્ટમ અમલમાં આવી છે. નવા નિયમ મુજબ વાહનચાલકોએ ચલણ જારી થયાની તારીખથી 45 દિવસમાં દંડ ભરવો અથવા યોગ્ય પુરાવા સાથે વાંધો રજૂ કરવો પડશે. સમયમર્યાદામાં કાર્યવાહી નહીં થાય તો લાઈસન્સ અને વાહન નોંધણી સંબંધિત કેટલીક સેવાઓ પર રોક લાગી શકે છે. જેને લઈને હવે બાકી ચલણ ધરાવતા વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે. ગુજરાત પોલીસ દ્વારા 12 ઓગસ્ટ થી રાજ્યમાં નેકસ્ટ જનરેશન ઈ-ચલણ સિસ્ટમનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા 20 જાન્યુઆરીના રોજ જાહેર કરાયેલા GSR 48(E) મુજબ કેન્દ્રીય મોટર વાહન નિયમો 1989માં થયેલા સુધારાને અનુરૂપ આ વ્યવસ્થા અમલમાં મુકાઈ છે. નવી સિસ્ટમનો મુખ્ય હેતુ ટ્રાફિક ચલણની પ્રક્રિયાને વધુ પારદર્શક, ટેક્નોલોજી આધારિત અને સમયબદ્ધ બનાવવાનો છે. સુધારેલા નિયમ મુજબ ઈલેક્ટ્રોનિક ચલણ અધિકૃત ઈલેક્ટ્રોનિક માધ્યમથી ત્રણ દિવસની અંદર અને ભૌતિક માધ્યમથી 15 દિવસની અંદર પહોંચાડી શકાય છે.

ચલણ જારી થયાની તારીખથી 45 દિવસની અંદર વાહન માલિકે દંડની રકમ ભરવાની રહેશે અથવા જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે રજૂ કરવો પડશે. માત્ર વાંધો રજૂ કરવો પૂરતો રહેશે નહીં વાહન માલિકે પોતાના દાવાના સમર્થનમાં યોગ્ય પુરાવા રજૂ કરવા પડશે. તેમાં વાહનચાલકે તે સમયે નિયમનું ઉલ્લંઘન ન કર્યું હોવાના પુરાવા, સ્થાનિક જાહેરનામું, પરવાનગી, પ્રતિબંધ અથવા ડાયવર્ઝન અંગેની સૂચના વગેરેનો સમાવેશ થઈ શકે છે. જો 45 દિવસની અંદર ચલણ સામે કોઈ પડકાર રજૂ કરવામાં નહીં આવે, તો ચલણ સ્વીકારવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે અને ત્યારબાદ ચૂકવણી માટે વધારાનો 30 દિવસનો સમય આપવામાં આવશે. સક્ષમ સત્તાધિકારી દ્વારા પડકાર નામંજૂર કરવામાં આવે તો પોર્ટલ પર નિર્ણય અપલોડ થયાની તારીખથી 30 દિવસની અંદર ચલણની ચૂકવણી કરવાની રહેશે. ત્યારબાદ જરૂરી હોય તો કોર્ટનો સંપર્ક કરી શકાશે.

#### બાકી ઈ-ચલણને અવગણવું ભારે પડશે

સુધારેલા નિયમો મુજબ વારંવારના ટ્રાફિક ઉલ્લંઘન પર પણ નજર રાખવામાં આવશે. 1 જાન્યુઆરી, 2026થી શરૂ થતા એક વર્ષ દરમિયાન પાંચ કે તેથી વધુ ઉલ્લંઘનોને ધ્યાનમાં લેવામાં આવશે. નિર્ધારિત સમયમર્યાદામાં બાકી ચલણ અંગે કાર્યવાહી નહીં કરવામાં આવે તો તેના નિકાલ સુધી ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા મોટર વાહનના રજીસ્ટ્રેશન સંબંધિત કેટલીક અરજીઓની પ્રક્રિયા અટકાવી શકાય છે. વાહનને પોર્ટલ પર નોટ ટુ ટ્રાન્ઝેકટેડ તરીકે પણ ચિહ્નિત કરવામાં આવી શકે છે. બાકી ચલણની ચુકવણી સુધી આ સ્થિતિ ચાલુ રહી શકે છે. કાયદા અને અદાલતના આદેશોને આધીન રહી પોલીસ અથવા રાજ્ય સરકાર દ્વારા અધિકૃત અધિકારીઓ ઉલ્લંઘનમાં સંકળાયેલા વાહનને ડિટેઇન પણ કરી શકે છે.

#### મોબાઈલ નંબર અપડેટ રાખવા અપીલ

પોલીસે વાહન માલિકો અને ચાલકોને પોતાના ઈ-ચલણની સ્થિતિ નિયમિતપણે ચેક કરવા, સમયમર્યાદામાં દંડ ભરવા અથવા નિયમ મુજબ પુરાવા સાથે પડકાર રજૂ કરવા અપીલ કરી છે. સાથે જ પરિવહન પોર્ટલ પર સાચો અને સક્રિય મોબાઇલ નંબર તથા વાહન સંબંધિત વિગતો અપડેટ રાખવા જણાવાયું છે.મોબાઇલ નંબર અપડેટ રાખવાથી ટ્રાફિક ઉલ્લંઘન અને ઈ-ચલણ અંગે એસ.એમ.એસ દ્વારા સમયસર જાણકારી મળી શકશે. ગુજરાત પોલીસે નાગરિકોને નવી વ્યવસ્થામાં સહકાર આપી ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને વધુ સુરક્ષિત માર્ગ વ્યવસ્થામાં સહભાગી બનવા પણ અપીલ કરી છે.

### યુવા નેતૃત્વને વધુ મજબૂત અને સક્રિય કરવાનો ઉદ્દેશ્ય

# વડોદરાના સાંસદ હેમાંગ જોષી BJYMના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્તિ પામ્યા

(પ્રતિનિધિ) વડોદરા અમદાવાદ તા.17

ભારતીય જનતા પાર્ટીએ સંગઠનમાં યુવા નેતૃત્વને વધુ મજબૂત અને સક્રિય કરવાના ઉદ્દેશ્યથી મોટો નિર્ણય લીધો છે. પાર્ટી દ્વારા ગુજરાત યુવા મોરચાના પ્રમુખ અને વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોષીને ભારતીય જનતા યુવા મોરચા (BJYM)ના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ગુજરાતના રાજકારણમાંથી સ્થાનિક સ્તરેથી ઊભરી આવેલા ડૉ. હેમાંગ જોષી માટે આ નિમણૂક તેમની રાજકીય કારકિર્દીનો એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક પડાવ માનવામાં આવી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીના આ નિર્ણયથી ગુજરાતના યુવા કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહનો



માહોલ જોવા મળી રહ્યો છે.

**વિદ્યાર્થીકાળથી જ રાજકારણમાં સક્રિય:** ડૉ. હેમાંગ જોષીનું રાજકીય જીવન તેમના વિદ્યાર્થીકાળથી જ અત્યંત સક્રિય અને સંઘર્ષમય રહ્યું છે. શિસ્ત, સંગઠન ક્ષમતા અને યુવાનો સાથે સીધો સંપર્ક સાધવાની તેમની શૈલીને કારણે તેઓ સતત પાર્ટી નેતૃત્વની નજરમાં રહ્યા છે. સ્થાનિક સ્તરે યુવા મોરચામાં વિભિન્ન જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવ્યા બાદ, તેઓ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ તરીકે કાર્યરત હતા. વડોદરા લોકસભા બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાયા બાદ પણ તેમણે યુવા સંગઠનને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમની આ જ મહેનત, નિષ્ઠા અને સંગઠનાત્મક કૌશલ્યને ધ્યાનમાં રાખીને ભાજપના આલા કમાન્ડે તેમને હવે દેશભરના યુવાનોનું પ્રતિનિધિત્વ કરવાની વહીવટી અને રાજકીય જવાબદારી સોંપી છે.

**રાષ્ટ્રીય કક્ષાએ નવી ઊર્જાનો સંચાર થશે:** ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ડૉ. હેમાંગ જોષીની નિમણૂક બાદ હવે દેશભરમાં ભાજપના યુવા સંગઠનમાં નવી ઊર્જા અને જોશનો સંચાર થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરાઈ રહ્યો છે.